પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૩ | ૬ માર્ચ, ૨૦૧૮, મંગળવાર ; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સારવાર માટે પારીકર ફરી મુંબઈ જશે**

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર તેમની નાદુરસ્ત તબીયતના પગલે પુનઃ મુંબઈ જશે. જરૂર પડશે તો વધુ સારવાર માટે તેઓ વિદેશ પણ જઈ શકે છે.

**વિશ્વનાથન આનંદે તાલ મેમોરીયલ રેપીડ સ્પર્ધા જીતી**

ભારતના વિશ્વનાથન આનંદે શાનદાર પ્રદર્શન કરતા તાલ મેમોરીયલ રેપીડ શતરંજ ખિતાબ જીતી લીધુ છે.

**કોંગ્રેસને ટેકનોલોજી પર ભરસો નથી : રવિશંકર પ્રસાદ**

બેંક ફ્રોડ અને એનપીએ મુદ્દે ભાજપે કોંગ્રેસ પર મોટો આરોપ લગાવ્યો છે. કેન્દ્રિયમંત્રી રવિશંકર પ્રસાદે મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ સરકાર પર આરોપ લગાવી કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી સુધાર વિરોધી પાર્ટી છે અને તેમની યોજનાઓના કારણે બેંક ફ્રોડ વધ્યા છે.

**મીસા ભારતીનો જામીન પર છુટકારો**

રાષ્ટ્રીય જનતાદળના સાંસદ અને લાલુ પ્રસાદ યાદવના પુત્રી મીસા ભારતી અને તેમના પતિને દિલ્હીની સીબીઆઈ કોર્ટે શરતી જામીન પર મુક્ત કર્યા છે. મની લોન્ડરીંગ મામલે તેઓ છેલ્લા કેટલાય સમયથી જેલવાસ ભોગવી રહ્યા હતા.

# સંસદમાં પીએનબી મામલે હોબાળો

## સંસદમાં પીએનબી ફ્રોડ, નિરવ મોદીના મુદ્દે ધાંધલ ધમાલ : કાર્યવાહી મોકૂફ : આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેના મુદ્દે પણ જોરદાર ધાંધલ ધમાલ થઇ : તૃણમુલ કોંગ્રેસના સાંસદો દ્વારા ગાંધીજીની પ્રતિમા સામે દેખાવો



નવીદિલ્હી, તા.૫

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આજે ધાંધલ ધમાલ સાથે શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે ધાંધલ ધમાલના કારણે કોઈ કામ થઈ શક્યું ન હતું. લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરવામાં આવી હતી. પીએનબી ફ્રોડ અને નિરવ મોદીના મુદ્દા ઉપર રાજ્યસભામાં પણ ધાંધલ ધમાલ થઈ હતી. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને કાર્યવાહી પહેલા બપોર સુધી મોકૂફ કરવાની ફરજ પડી હતી. સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો હતો. આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાનો મુદ્દો પણ છવાયેલો રહ્યો હતો. આને લઈને પણ ધાંધલ ધમાલ થઈ હતી. સ્થિતિ યથાવત રહેતા લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરાઈ હતી. લોકસભામાં પીએનબી ફ્રોડ કેસ પર ચર્ચા માટે આરજેડીના સાંસદ જેપી યાદવે સ્થગન પ્રસ્તાવ લાવવાની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ નરેશ અગ્રવાલે રાજ્યસભામાં આ મામલે સ્થગન પ્રસ્તાવ મામલે નોટિસ આપી હતી. આજે સવારે નરેન્દ્ર મોદી અને ભાજપ વડા અમિત શાહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ તેમનું સ્વાગત કર્યું હતું. પૂર્વોત્તર રાજ્યોમાં ભાજપના શાનદાર દેખાવને લઈને બંનેનું સ્વાગત કરાયું હતું. ત્રિપલ તલાક બિલને મુદ્દા પર પણ ખેંચતાણ

● અનુસંધાન પાન-૭ પર




## છેલ્લા એક વર્ષમાં ૪૫ ટકા ભારતીયોએ લાંચ ચુકવી છે

નવી દિલ્હી,તા. ૫

હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ સર્વેમાં જણવા મળ્યું છે કે, ૪૫ ટકા ભારતીયોએ છેલ્લા વર્ષમાં લાંચની ચુકવણી કરી છે. કામ મેળવવા માટે છેલ્લા વર્ષમાં લાંચની ચુકવણી કરવાની ફરજ પડી છે. ગયા વર્ષે પણ આવા જ એક સર્વેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ૪૩ ટકા ભારતીયો દ્વારા છેલ્લા વર્ષમાં લાંચની ચુકવણી કરી હતી. સર્વેમાં ભાગ લેનાર ૩૪૬૯૬ લોકો પૈકના ૩૭ ટકા લોકોએ કબૂલાત કરી છે કે, ભ્રષ્ટાચારમાં વધારો થયો છે. જ્યારે ૧૪ ટકા લોકોએ કહ્યું છે કે, ભ્રષ્ટાચારમાં ઘટાડો થયો છે. ૪૫ ટકા લોકો હજુ પણ માને છે કે, સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ ભ્રષ્ટાચારના મામલામાં સૌથી કંગાળ દેખાવ ધરાવે છે. ૭૧ ટકા લોકોએ કહ્યું છે કે, તેમના રાજ્યોમાં ભ્રષ્ટાચારમાં વધારો થયો છે.

# ...તો ભારત પણ સીરિયા બની જશે : શ્રી શ્રી રવિશંકર

### અયોધ્યા વિવાદ મુદ્દે આર્ટ ઓફ લિવિંગના પ્રમુખની ચિંતા : અયોધ્યા મુસ્લિમોનું ધાર્મિક સ્થળ નથી, રામમંદિરનો મુદ્દો કોર્ટની બહાર ઉકેલવો જોઈએ



ન્યુ દિલ્હી,તા.૫

આર્ટ ઑફ લિવિંગના પ્રમુખ શ્રી શ્રી રવિશંકર પહેલાં પણ અયોધ્યા વિવાદને કોર્ટની બહાર ઉકેલવાની વકાલત કરતાં રહ્યાં છે અને સોમવારના રોજ તેને ફરીથી એ વાત પર જોર આપ્યું કે અયોધ્યામાં રામમંદિર મુદ્દાના કોર્ટની બહાર જ ઉકેલી દેવો જોઈએ.

તેમણે કહ્યું કે આ કેસ નહીં ઉકેલાય તો દેશ સીરિયા બની જશે. અયોધ્યા મુસ્લિમોનું ધાર્મિક સ્થળ નથી. તેમણે આ ધાર્મિક સ્થળ પર પોતાનો દાવો છોડીને મિસાલ રજૂ કરવી જોઈએ. નિર્ણય કોર્ટમાંથી આવે તો પણ કોઈ રાજી થશે નહીં. જો નિર્ણય કોર્ટમાંથી થશે તો કોઈ એક પક્ષે હાર સ્વીકારવી જ પડશે. આવી સ્થિતિમાં હારેલો પક્ષ અત્યારે તો માની જશે પરંતુ થોડાંક સમય બાદ ફરીથી બબાલ શરૂ કરશે. જે સમાજ માટે સારા સંકેત નહીં હોય.

સાથો સાથ તેમણે એમ પણ કહ્યું કે કેટલાંક લોકો તેના પ્રયાસની આલોચના કરી રહ્યાં છે કારણ કે તેઓ વિવાદને વધારવા માંગે છે. મંદિર સ્થળ પર હોસ્પિટલ બનાવાની ભલામણ બેવકૂફી ભરેલું છે અને ભગવાન રામને કોઈ બીજા સ્થાન પર પેદા કરાવી શકાય નહીં. ઈસ્લામ વિવાદાસ્પદ જમીન પર ઈબાબત કરવાની મંજૂરી આપતું નથી.

● અનુસંધાન પાન-૭ પર

# ઓસ્કાર એવોર્ડમાં 'દ શેપ ઓફ વોટર'નો સપાટો

### શ્રેષ્ઠ ફિલ્મ સહિતના અનેક ઓસ્કાર એવોર્ડ જીતી લીધા : આ વર્ષમાં દ શેપ ઓફ વોટરને ૧૩ જુદી જુદી કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યા બાદ ચર્ચાઓ હતી : જેનિફર લોરેન્સ સહિત તમામ હસ્તીઓ પહોંચી







કેલિફોર્નિયા, તા. ૫

અમેરિકાના કેલિફોર્નિયાના ડોલ્બી થિયેટરમાં રંગીન, રોમાંચક અને દિલધડક કાર્યક્રમ વચ્ચે ૯૦માં ઓસ્કાર એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં દુનિયાભરમાંથી તમામ ફિલ્મી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. આ વખતે ઓસ્કારમાં દ શેપ ઓફ વોટરે બાજી મારી દીધી હતી. આ ફિલ્મે જોરદાર સપાટો બોલાવ્યો હતો. સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ આ ફિલ્મ લઈ ગઈ હતી. આ ઉપરાંત ફિલ્મને બીજા ત્રણ એવોર્ડ મળ્યા હતા. બેસ્ટ ડિરેકશન, ઓરિજિનલ સ્કોર, બેસ્ટ પ્રોડકશન ડિઝાઈન માટે પણ આ ફિલ્મે બાજી મારી હતી. આ વખતે દ શેપ ઓફ વોટર ફિલ્મને ઓસ્કાર માટે ૧૩ જુદી જુદી કેટેગરીમાં નોમિનેશન કરવામાં આવ્યા બાદથી આ ફિલ્મને લઈને ચર્ચા હતી. કુલ ચાર એવોર્ડ આ ફિલ્મે જીતી લીધા છે. ઓસ્કાર એવોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત હજુ સુધી સૌથી વધારે નોમિનેશનવાળી ફિલ્મોમાં આ ફિલ્મ સામેલ થઈ હતી. આ અગાઉ ઓલ અબાઉટ યુ, ટાઈટેનિક અને લા લા લેન્ડને સૌથી વધારે નોમિનેશન મળ્યા હતા. ગિયેરમો દેલ તોરોને સર્વશ્રેષ્ઠ નિર્દેશક માટેનો એવોર્ડ મળ્યો હતો. મેક્સિકોના આ નિર્દેશકને આ વર્ષે ગોલ્ડન ગ્લોબ, દ ક્રિટિક્સ ચોઈસ અને બાફટા

● અનુસંધાન પાન-૭ પર

## કાર્તિની અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી કરાશે

### ઇડીના સમન્સને રદ કરવા કાર્તિની માંગણી

નવી દિલ્હી,તા. ૫

પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમના પુત્ર અને બિઝનેસમેન કાર્તિ ચિદમ્બરમની નવેસરની અરજી ઉપર આવતીકાલે મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. આઈએનએક્સ મિડિયા કટકી કેસમાં ઈડી દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરવાની માંગ કરીને કાર્તિ દ્વારા અરજી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ઈડી દ્વારા જારી કરવામાં આવેલા સમન્સ પર સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ આ સંબંધમાં અરજી કરી શકે છે. કાર્તિ ચિદમ્બરમ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદથી સીબીઆઈની કસ્ટડીમાં છે. પહેલી માર્ચના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટના જજ સુનિલ રાણાએ પાંચ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો. કાર્તિ ચિદમ્બરમે ૧.૮ કરોડ રૂપિયા એક પ્રભાવશાળી રાજકીય હસ્તીના બેંક ખાતામાં જમા કર્યા હતા. કાર્તિની જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ હવે પૂર્ણ થવા આવી છે. સીબીઆઈએ આ કેસમાં તેની તપાસને વધુ તીવ્ર બનાવી છે. વકીલ અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય અભિષેક મનુ સિંઘવી કાર્તિ ચિદમ્બરમ તરફથી કેસ લડી રહ્યા છે. સીબીઆઈ ઉપર તેમણે આક્ષેપો કર્યા હતા. કાર્તિ ચિદમ્બરમનો કેસ છેલ્લા કેટલાક દિવસથી ચર્ચામાં છે.

## શશી કપૂર અને શ્રીદેવીને પણ ઓસ્કારમાં શ્રદ્ધાંજલિ અપાઈ

કેલિફોર્નિયા, તા. ૫

ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં ભારતીય સિનેમાના દિગ્ગજ કલાકારો શશી કપૂર અને શ્રીદેવીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સંગીતકાર એડી વેડરે દુનિયાને અલવિદા કહી ચુકેલા ભારતીય સિતારાઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓએ મંચ ઉપર ટોપ પૈટીનું રુમ એટ દ ટોપ ગીત ગાઈને તમામને પ્રભાવિત કર્યા હતા. અભિનેત્રી જેનિફર ગાર્નરે હોલીવુડની દિગ્ગજ હેપબર્નને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે, દુખવગર કોઈપણ ખુશી નથી. ત્યારબાદ ગાર્નરે દુનિયાને અલવિદા કહી ચુકેલા કલાકારોને યાદ કર્યા હતા. પૃથ્વી રાજકપૂરના પુત્ર અને રાજકપૂર તથા શમ્મી કપૂરના ભાઈ શશી કપૂરે બાળ કલાકાર તરીકે રોલની શરૂઆત કર્યા બાદ ૧૯૬૧ની ફિલ્મ ધર્મપુત્ર મારફતે ડેબ્યુ કર્યા બાદ એક પછી એક સફળતા મેળવી હતી. ૨૦૧૭માં ડિસેમ્બર મહિનામાં શશી કપૂરનું અવસાન થયું હતું. શશી કપૂરને વર્ષ ૨૦૧૫માં બાબા સાહેબ ફાલ્કે એવોર્ડ અપાયો હતો. બીજી બાજુ અભિનેત્રી શ્રીદેવીનું ૨૪મી ફેબ્રુઆરીના દિવસે અવસાન થયું હતું. શ્રીદેવી આકર્ષક આંખો અને અભૂતપૂર્વ કોમિક ટાઈમિંગ અને શાનદાર ડાન્સના કારણે ઓળખ ઉભી કરનાર રહી હતી.

## ઍર ડિફેન્સ સિસ્ટમ ભારત ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૫

સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામનની મૉસ્કોની આગામી મુલાકાત દરમિયાન રશિયા પાસેથી એસ-૪૦૦ ઍર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ્સ પ્રાપ્ત કરવા રૂ.૪૦,૦૦૦ કરોડનો સોદો કરવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

લોન... લોન... લોન...
હોમ લોન ફક્ત ૨ દિવસમાં
DP વગર ફ્લેટ મેળવો
MORTGAGE
મોર્ગેજ લોન
કાર લોન
ડીફોલ્ટર આવકાર્ય
ચાલુ હોમ લોન પર વધુ લોન
ફ્રી 1,00,000/- કેશ
ચાંદખેડા • નરોડા • નારોલ • આનંદનગરમાં
9925319517 • 9925308527

# ૧૦ લાખ કરોડના ખર્ચે હાઈસ્પીડ ટ્રેન કોરિડોર બનાવવા તૈયારી

**૧૦ હજાર કિલોમીટર લાંબા કોરિડોર અંગે ટૂંકમાં જ જાહેરાત થશે : દેશના તમામ મુખ્ય શહેરોને ટૂંકમાં જ રેલવેથી જોડી દેવાની મહાકાય યોજના જાહેર કરાશે**

નવી દિલ્હી,તા. ૫

ભારતીય રેલવે દેશના મુખ્ય શહેરોને કનેક્ટ કરવા માટે એક હાઈ સ્પીડ ટ્રેન કોરિડોર બનાવવા માટેની યોજનાની ટુંક સમયમાં જ જાહેરાત કરી શકે છે. આના નિર્માણ પર ૧૦ લાખ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થનાર છે. સરકારના ભારતમાળા હાઈવેઝ ડેવલપમેન્ટ પ્રોગ્રામની જેમ જ આ કોરિડોર બનાવવામાં આવનાર છે. આ કોરિડોરની લંબાઈ ૧૦૦૦૦ કિલોમીટરની આસપાસ રહે તેવી શકયતા છે. રેલવે મંત્રાલયના એક ટોપના અધિકારીએ કહ્યુ છે કે યોજનાની જાહેરાત એપ્રિલ મહિનામાં કરવામાં આવનાર છે. એવા રૂટની પણ જાહેરાત કરવામાં આવનાર છે જેને કનેક્ટ કરવામાં આવનાર છે. પ્રોગ્રામ હેઠળ ફંડિગ કઈ રીતે કરવામાં આવનાર છે તેની

● અનુસંધાન પાન-૭ પર

## રાજધાની અને શતાબ્દી ટ્રેન નવા રંગ રૂપમાં જોવા મળશે

નવી દિલ્હી,તા. ૫

આગામી વખતે દિલ્હીથી રાજધાની અને શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતી વેળા વધારે મજા યાત્રીઓને પડી જાય તેવી તૈયારી કરવામાં આવી રહી છે. પહેલાની તુલનામાં યાત્રાને વધારે આરામદાયક બનાવવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે. ઉત્તરીય રેલવે દ્વારા આ અંગેની તૈયારી કરી લેવામાં આવી છે. ૧૬ આવી ટ્રેનો માટે ગોલ્ડ સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા છે. ટ્રેનના કોચની સુન્દરતાને ખાસ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. કોચમાં સાફ સફાઈ અને સુન્દરતાની સાથે સો બહારતી પણ ટ્રેનને વધારે ખુબસુરત દેખાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોચમાં એલઈડી લાઈટ્સ, વિનાઈલ રેપિંગ અને વોલ પેન્ટિંગ યાત્રીઓને જોવા મળનાર છે. સુવર્ણ પ્રોજેક્ટ હેઠળ ટ્રેનની સ્થિતી પર ધ્યાન આપવામાં આવનાર

● અનુસંધાન પાન-૭ પર

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય